**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન રમાદાન (રમઝાન) દરમિયાન પોતાની મોઝેઈકને વર્ચ્યુઅલી ઉજવશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 12, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન એપ્રિલ 13 થી મે 12 સુધી રમાદાન (રમઝાન) દરમિયાન પોતાની વિવિધતા ઓનલાઈન પ્રવૃત્તિઓવાળા મહિના સાથે ઉજવશે, સાથે સાથે સોમવાર, એપ્રિલ 19 નાં રોજ સાંજે 7 થી 8:30 વાગ્યા સુધી ખાસ ઈફ્તાર ઉજવણી પ્રસંગ રહેશે.

રમાદાન મુસ્લિમ સમુદાય, ઈસ્લામ ધર્મના અનુયાયીઓ માટે ઉપવાસ, આત્મનિરીક્ષણ અને પ્રાર્થના કરવાનો પવિત્ર મહિનો છે. બ્રેમ્પટનમાં પ્રોવિન્સનો ઘરે રહેવાનો હુકમ ચાલુ હોવાને લીધે, સીટી રહેવાસીઓને સુરક્ષિત રીતે ઉજવણી કરવા અને રમાદાન દરમિયાન આયોજિત સીટીની ઓનલાઈન પ્રવૃત્તિઓમાં ભાગ લેવા કહે છે, જેમાં સામેલ છે:

- રમાદાન દરમિયાન જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા નાશ ન થઈ શકતો ખોરાક અને રમકડાના દાનો એકઠા કરવા બ્રેમ્પટન ફૂડબેંક સાથે ભાગીદારી કરીને સમુદાયને અર્પણ કરવું
- સામુદાયિક રજૂઆતો મારફતે રમાદાનના સાંસ્કૃતિક પહેલુઓને પ્રકાશિત કરવા
- બ્રેમ્પટનના સ્થાનિક ધંધાઓ અને રમાદાન દરમિયાન તેઓને કેવી રીતે ટેકો આપવો તેની પર પૂરેપૂરું ધ્યાન આપવું
- બ્રેમ્પટનમાં મસ્જીદની આભાસીય ભ્રમણ (વર્ચ્યુઅલ ટૂર) અને સ્થાનિક ઈમામનો સંદેશ
- રમાદાન વાનગીઓની પાકકળા (ફૂડ રેસિપીસ), આરોગ્ય અને તંદુરસ્તી સૂચનો

રમાદાન દરમિયાન, મુસ્લિમ સમુદાયના લોકો પરોઢિયે અને સૂર્યાસ્ત વચ્ચેના સમયમાં કંઈ ખાતા નથી. ઈફ્તાર ડિનર સૂર્યાસ્ત સમયે લેવાતું ભોજન છે, જ્યારે મુસ્લિમો રોજ પોતાનો ઉપવાસ તોડે છે.

આ વર્ષે ઈફ્તારમાં મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), કાઉન્સિલના સભ્યોનો સ્વાગત સંદેશ અને સામુદાયિક આગેવાનો અને સ્થાનિક ઈમામોના સંદેશાઓનો સમાવેશ થશે. આ ઉજવણીમાં કુરાનનું પાઠ પ્રવચન, પ્રેરણાત્મક શબ્દો, નાશીદ્સ, રમાદાનની ભાવના વિશે મુખ્ય સંદેશ, દુઆ, અધાન (પ્રાર્થના કરવાનો કૉલ) અને રાત્રે 8 વાગ્યે ઈફ્તાર સામેલ રહેશે.

લોકો એપ્રિલ 13 થી મે 12 સુધી રમાદાનનો ઓનલાઈન અનુભવ કરી શકે છે. સહભાગી થવા વેબસાઈટ જુઓ: brampton.ca/experienceramadan.

વર્ષ 2020 માં, કાઉન્સિલે ધ્વનિ કાઢતા, કે ઘંટ વગાડતા, અને એકરાગ કરતા પ્રાર્થના સ્થળોમાં સીટી ઓફ બ્રેમ્પટનનો નોઈઝ બાય-લૉ વેઈવ (ઘોંઘાટનો પેટા-નિયમ જતો) કરવા મતદાન કર્યું હતું. આ વર્ષે રમાદાન દરમિયાન ફરીથી, મસ્જીદો રાત્રે 8 વાગ્યે, અથવા સૂર્યાસ્ત સમયે પ્રાર્થના કરવાનો કૉલ કરી શકશે. ખાસ સમાયોજનની વિનંતી કરવા સામુદાયિક સમૂહો કે ધાર્મિક સંસ્થાઓ 311 નંબર પર સંપર્ક કરી શકે. સીટી કર્મચારીઓ અને કાઉન્સિલ મંજૂરી માટેની વિનંતીઓની સમીક્ષાઓ કરશે.

**અવતરણો (ક્વૉટ્સ):**

'આપણે રમાદાનના પવિત્ર મહિના જેવા ખાસ પ્રસંગો દ્વારા આપણી સંસ્કૃતિઓની રચના (મોઝેઈક) ઓળખવાની અને ઉજવવાની તક સાથે, અહીં બ્રેમ્પટનમાં વૈવિધ્યસભર સમુદાય ધરાવવા બદલ બહુ ભાગ્યશાળી છીએ. ઈસ્લામ દુનિયાનો સૌથી મોટો બીજો ધર્મ છે અને આપણાં સમગ્ર શહેરમાં વૈવિધ્યસભર સમુદાયોમાંથી 60,000 થી વધારે અનુયાયીઓ ધરાવે છે."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“હું રહેવાસીઓને આ વર્ષે ઓનલાઈન આયોજિત ઘણી પ્રવૃત્તિઓમાંની અમુકમાં ભાગ લઈને રમાદાન વર્ચ્યુઅલી અનુભવવા પ્રોત્સાહિત કરવા માગું છું. પ્રોવિન્સના ઘરે રહેવાના હુકમ દરમિયાન, લોકો પોતાના ઘરની સુરક્ષામાં રમાદાન ઉજવી શકે છે.”

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca